
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ના..., બેટા એવું નથી... આપણે તો રોડ-શો નહોતા થતા ત્યારથી રોડ પર જ છીએ....!!!

# શહેરનું જનજીવન પુનઃ રાબેતા મુજબ

### સાતમે રહ્યાં-સહ્યાં ધંધાકીય એકમો પણ કાર્યરત થતા બજારો પુનઃ કાર્યરત : શહેરની બેંકોમાં ગ્રાહકોનો ઘસારો વધ્યો : નગરના માર્ગો પર વાહનવ્યવહારમાં ચહલપહલ વધી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના બજારોમાં દિવાળીની રજાઓ દરમ્યાન છવાયેલા સૂનકાર આજથી ઓગળી જવા પામ્યા છે. સાતમના દિવસથી બાકી રહેલા ધંધાકીય એકમોના પણ મુહૂર્ત થઈ જવાથી ફરી એકવાર બજારો પુનઃ ધબકવા લાગ્યા છે. તેમજ બેંકોની શાખાઓમાં પણ ગ્રાહકોની ભીડમાં ભારે વધારો નોંધાવા પામ્યો છે. દિવસ દરમ્યાન ટ્રાફિકની ગતિવિધિમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો.

નગરમાં તહેવારોની રજાઓના પગલે બજારોમાં સૂનકાર વ્યાપેલો હતો. દિવાળી કે બેસતા વર્ષના દિવસથી પોતાની દુકાનો-ધંધાકીય એકમો વગેરેને વધાવી બહારગામ ફરવા ઉપડી ગયેલા વ્યવસાયિકોએ લાભ પાંચમ અને સાતમે મુહૂર્ત કરી દેતા આ સૂનકાર ખતમ થયો છે. રજાઓના પગલે અટકી ગયેલા નાણાંકીય વ્યવહારો પણ આ સાથે પુનઃ કાર્યરત થઈ જતા શહેરની બેંકોની લગભગ તમામ શાખાઓમાં ગ્રાહકોની ભીડ જોવા મળી હતી. બજારો પુનઃ ધબકતા થતા નગરજનોમાં પણ નાની-મોટી ચીજવસ્તુઓની ખરીદી કે સેવાઓ મેળવવામાં પડી રહેલી મુશ્કેલીઓનો અંત આવતા રાહતની લાગણી પ્રસરવા પામી છે. વહેલી સવારથી પોતાના કામધંધે જવા દોડવા લાગેલા નગરજનોના કારણે શહેરના માર્ગો પર વાહનવ્યવહારમાં ચહલપહલ વધી જવા પામી છે. એકંદરે શહેરનું સમગ્ર જનજીવન ફરી એકવાર રાબેતામુજબ દોડતુ થઈ જવા પામ્યું છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લામાં ચૂંટણીનો માહોલ હજુ જોઈએ તેવો જામ્યો નથી.

● જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે નિમાયેલ નિરીક્ષક શ્રી અનીશ માંકડે આજે કલોલ ખાતે તૈયારીઓની સમીક્ષા કરી ઝોનલ ઓફિસરો સાથે પણ બેઠક કરી હતી.

● જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આચારસંહિતા ભંગની હજુ સુધી એક પણ ફરિયાદ મળી નથી.

● સોલાર લાઈટોના બંધ થાંભલાઓ હવે શહેરમાં શોભાના ગાંઠિયા જેવા લાગી રહ્યા છે.

● ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભા આગામી ૨૦મી નવેમ્બરને શુક્રવારે મળનાર છે.

# બે દિવસ નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે બાદ સચિવાલયમાં કામકાજનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૮

દિવાળી અને બેસતા વર્ષની રજાઓ બાદ ખુલેલી સરકારી કચેરીઓમાં છેલ્લા બે દિવસથી નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લેનો માહોલ જામ્યો હતો. કર્મચારીઓ-અધિકારીઓ ગ્રુપમાં શુભેચ્છાઓની આપ-લે કરવા નીકળ્યા હતા. બે દિવસ બાદ આજથી સરકારી કચેરીઓ અને સચિવાલયમાં રૂટીન કામકાજ શરૂ થયુ છે.

દિવાળી અને નવા વર્ષના મીની વેકેશન બાદ સરકારી કચેરીઓ સોમવારથી રાબેતા મુજબ શરૂ થઈ ચુકી છે. સોમવાર અને મંગળવારનો દિવસ નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવવામાં પસાર થયો હતો. શાખાઓના કર્મચારીઓ એકબીજાને શુભેચ્છાઓ પાઠવ્યા બાદ પોતપોતાના ગ્રુપમાં અન્ય શાખાઓમાં શુભેચ્છાઓ પાઠવવા નીકળ્યા હતા. કર્મચારીઓ દરેક અધિકારીઓની ચેમ્બરે-ચેમ્બરે જઈ સાલમુબારક કહેતા નજરે પડ્યા હતા. અન્ય વિભાગોમાં જઈને શુભેચ્છાઓની આપ-લે કરવાનો ટ્રેન્ડ પણ આ વર્ષે જોવા મળ્યો હતો. શુભેચ્છાઓ પાઠવવા આવતા કર્મચારીઓને ચોકલેટ કે મીઠાઈ ખવડાવી મો મીઠુ કરાવતા અધિકારીઓ પણ જોવા મળ્યા હતા. નવા વર્ષમાં પહેલીવાર મળનારા કેટલાક સાથી કર્મચારીઓએ કેન્ટીનમાં જઈ ચા-નાસ્તાની જયાફતો પણ ઉડાવી હતી. દિવાળી કેવી રહી અને ક્યાં ક્યાં ફરી આવ્યા તેની ચર્ચાઓ ઠેર ઠેર ચાલતી નજરે પડી હતી.

બે દિવસ શુભેચ્છાઓની આપ-લે કર્યા બાદ આજથી મોટાભાગની કચેરીઓમાં રૂટીન કામકાજ શરૂ થઈ ચુક્યુ છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીકમાં હોઈ ઘણા કર્મચારીઓની ચૂંટણીમાં ડ્યુટી હોઈ તેઓને તાલીમ આપવાના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના કારણે કર્મચારીઓની ગેરહાજરી પણ જોવા મળી રહી છે. હજુ કેટલાક કર્મચારીઓ-અધિકારીઓ દિવાળીની રજા લંબાઈ બહારગામ હરવા ફરવા ગયા હોવાથી તેઓની ગેરહાજરી જોવા મળી રહી છે.

## આજે પાટણ જિલ્લામાં રૂપાલા ચૂંટણી પ્રચાર કરશે

ગાંધીનગર, તા. ૧૮

સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા આવતીકાલે તા. ૧૯મી નવેમ્બરના રોજ પાટણ જિલ્લામાં ચૂંટણીપ્રચાર કરશે તથા વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે.

પ્રદેશ મીડીયા કન્વીનર ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું છે કે રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા આવતીકાલે સવારે ૧૧ વાગે હારીજના અંબિકા જીન ખાતે કાર્યકર્તાઓના સંમેલનમાં ભાગ લેશે તથા સામાજિક આગેવાનો સાથે બેઠક યોજશે. ત્યાર બાદ બપોરે ૩.૩૦ કલાકે ન્યુ સંતોકબા હોલ, રાજમહેલ રોડ, પાટણ ખાતે કાર્યકર્તા સંમેલનમાં હાજરી આપી રાત્રે ૮ વાગે પાટણના જુના ગંજ બજાર ખાતે જાહેરસભાને સંબોધન કરશે.



લીલી-લીલી વરિયાળી - વરિયાળી આપણી અનેક વાનગી ઉપરાંત મુખવાસમાં અનેરો સ્વાદ ઉમેરે છે... આજકાલ લીલી-લીલી વરિયાળી બજારમાં દૃશ્યમાન થાય છે... ખાસ કરીને બાળકોને લીલી વરિયાળી માટે અનોખું આકર્ષણ હોય છે... લીલી હોય કે સુકી હોય વરિયાળી એ વરિયાળી જ છે... (તસવીર : કશ્યપ નિમાવત)

## ભાજપ-કોંગ્રેસના નેતાઓ મહાપાલિકાની ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત બન્યા

ગાંધીનગર, તા.૧૮

મહાપાલિકાની ચૂંટણીઓ આડે હવે માત્ર ત્રણ દિવસ જ બાકી રહ્યા છે ત્યારે ભાજપ અને કોંગ્રેસના નેતાઓ થોકબંધ ચૂંટણી સભાઓ ગજવી ઉમેદવારોને વિજય બનાવવા એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે.

રાજયની અમદાવાદ સહીત ૬ મહાનગર પાલિકાઓની ચૂંટણી આગામી ૨૨મી નવેમ્બરના રોજ યોજાનારી હોઈ ચૂંટણી પ્રચાર આડે હવે માત્ર બે દિવસ જ બાકી રહ્યા હોઈ ભાજપ અને કોંગ્રેસના નેતાઓ વેગીલો પ્રવાસ કરીને શકય તેટલી વધુ ચૂંટણી સભાઓ સંબોધી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે.

મતદારો સુધી પહોંચવા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ચૂંટણી સભાઓ ઉપરાંત મહાપાલિકા વિસ્તારોમાં રોડ શૉ કરીને મતદારોનો સીધો સંપર્ક સાધી રહ્યા છે તો બીજી બાજુ કોંગ્રેસ પણ ચૂંટણી પ્રચારમાં એડીચોટીનું જોર લગાવી રહ્યું છે. કોંગ્રેસના પ્રદેશ નેતાઓ ઉપરાંત કેટલાક રાષ્ટ્રીય નેતાઓ પણ ચૂંટણી પ્રચારમાં ઉતાર્યા છે.

ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોએ ચૂંટણી પ્રચાર માટે તમામ તાકાત કામે લગાડી છે. જો કે પાટીદાર અનામત આંદોલન બંને પક્ષોને નડી રહ્યું છે. જેના કારણે ચૂંટણી પ્રચારમાં જોઈએ તેવો કોઈ ઉત્સાહ જોવા મળતો નથી.

# પેથાપુર-અડાલજ પોલીસના દેશીદારૂના અડ્ડાઓ પર દરોડા

### અલગ-અલગ વિસ્તારમાં પોલીસે સાત સ્થળે દરોડા પાડી ૧૩ લીટર દેશી દારૂ અને ૩૬૦૦ લીટર વૉશ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૧૮

અડાલજ અને પેથાપુર પોલીસે આજે પોતાના હદ વિસ્તારમાં અલગ અલગ દેશી દારૂના સાત અડ્ડાઓ પર દરોડા પાડ્યા હતા. અડાલજ પોલીસે ત્રણ દરોડા પાડી ૩૬૦૦ લીટર દેશી દારૂ ગાળવા માટેનો વૉશ કબ્જે કર્યો છે. જ્યારે પેથાપુર પોલીસે ચાર સ્થળે દરોડા પાડીને ૧૩ લીટર દેશી દારૂ કબ્જે કર્યો છે. જ્યારે ચાર મહિલા બુટલેગરો ફરાર છે.

દેશી દારૂના અડ્ડાઓ પર દારૂ બંધ કરાવવા ડ્રાઈવ રાખવામાં આવી હતી. અડાલજ પોલીસની ટીમોએ ઉવારસદ ગામના રાણજીપુરા વિસ્તારમાં ચાલતી દેશીદારૂની ભઠ્ઠીઓ પર દરોડા પાડ્યા હતા. ત્રણ ભઠ્ઠીઓ પર દરોડા પાડીને પોલીસે ત્રણેય અડ્ડેથી ૧૨૦૦ લીટર વૉશ મળીને કુલ ૩૬૦૦ લીટર દેશીદારૂ ગાળવા માટેનો વૉશ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ પેથાપુર પોલીસની ટીમે પેથાપુર ટાઉનના મોટા ઠાકોરવાસમાં બે અડ્ડાઓ ઉપર અને ટીંટોડા તથા આદરજ ગામમાં મળી કુલ ચાર સ્થળે દરોડા પાડ્યા હતા. ચારેય સ્થળે મળીને કુલ ૧૩ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો.

જો કે પોલીસના દરોડા પડતા ચારેય સ્થળોએથી મહિલા બુટલેગરો ફરાર થઈ ગઈ હતી. પોલીસે ૧૩ લીટર દેશી દારૂ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આઈ-૧૦ લઈને મીનાબજાર આવેલા ચાર પીધેલા ઝડપાયા

અમદાવાદ નરોડા વિસ્તારના ચાર નબીરાઓ દારૂ પીને ગાંધીનગર મીનાબજાર પાસે નોનવેજ ખાવા આવ્યા હતા. દારૂના નશામાં ચૂર ચારેય નબીરાઓને આઈ-૧૦ ગાડી સાથે સેક્ટર-૭ પોલીસે પકડી પાડ્યા હતા. નરોડાના જયેશ પૃથ્વીસિંહ ચુડાસમા, ઉમેશ મનસુખભાઈ પ્રગતરીયા, જીગર અરવિંદભાઈ પંચાલ અને નિકોલના જીતેન્દ્ર મનહરલાલ મળીને ચારેય શખ્સોની ધરપકડ કરી લઈને સેક્ટર-૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી આરંભી હતી. દારૂ પીને ચારેય નબીરાઓ મીનાબજાર પાસે નોનવેજ ખાવા આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

## સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા સત્સંગ સંસ્કાર શિક્ષણ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૧૮

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાની અધ્યક્ષતામાં મુકતજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર રજત મહોત્સવ અંતર્ગત રામનગર-કલોલ ખાતે બે દિવસીય સત્સંગ સંસ્કાર શિક્ષણ શિબિર તેમજ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રેલીને અંતે પરમ પૂજય આચાર્ય સ્વામીજી મહારાજે આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે શિક્ષિત વ્યકિત સમાજના મૂલ્યો, સમાજના સંસ્કાર, સંસ્કૃતિ સ્વીકારે અને જાળવે અને શિક્ષણની સાથે વિનય, વિવેક પણ હોવો જરુરી છે. સત્સંગ શિક્ષણમાં સંસ્કારનું ઊંડાણ અને વિસ્તાર બંનેનો સમન્વય જરુરી છે.

સમાજ સંસ્કારની રચના જેના દ્વારા રચાય છે તેવા મૂલ્યો સંસ્કાર, સભ્યતા વિસરાઈ ગયા છે. ભારતનું પ્રાચીન કાળનું શિક્ષણ અને શિક્ષણ પદ્ધતિ જ માનવીને સત્સંગ-સંસ્કાર શિક્ષણથી સજ્જ કરે છે અને સત્સંગ પણ સંસ્કારો અને મૂલ્યો વર્ધિત હોવા જરુરી છે.

## યુવાનનું અપહરણ કરીને કોર્ટ પાસે ફેંકી દેનાર ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીક ધોળાકુવા વિસ્તારના એક યુવાનને ગામની સીમમાંથી ગાડીમાં ઉપાડીને તેનું અપહરણ કરી ગાડીમાં ઢોર માર માર્યા બાદ મોડી સાંજે કોર્ટની બહારના વિસ્તારમાં ફેંકી દેવાયો હતો. આ ઘટના અંગે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૩૦૭, ૩૬૫, ૩૪૨ અને ૧૧૪ મુજબ ગુનો નોંધાયો હતો. આરોપીઓ બિન્દાસ્ત ફરતા હોવા છતાં તેની ધરપકડ કરવામાં ન આવતી હોવાનો આક્ષેપ અપહ્યુત યુવાનના પિતાએ ગત અઠવાડીયે જ કર્યો હતો. આ અનુસંધાને ઈન્ફોસીટી પી.આઈ. પરાગ ચૌહાણે કોલવડાના નરેશ રઈજી રાવળ, ધોળાકુવાના નરેશ મળુ રાવળ અને રાજુ શકરા રાવળ મળીને ત્રણેયની ધરપકડ કરી લીધી છે.

## આવતીકાલે મુખ્યમંત્રી કલોલના ચૂંટણી પ્રવાસે જશે

ગાંધીનગર, તા. ૧૮

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને આડે હવે ૧૦ દિવસનો સમય બાકી છે ત્યારે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ પણ ૨૦મીને શુક્રવારે જિલ્લાના કલોલ તાલુકાના પ્રવાસે આવી રહ્યા છે.

૨૦મીએ બપોરે સાંતેજ અને પાંચ વાગે કલોલ શહેરના એક ખાનગી પ્લોટમાં યોજાયેલા સ્નેહમિલન સમારોહમાં તેઓ હાજરી આપી કાર્યકર્તાઓ સાથે ગોષ્ઠી કરવાના છે.

ગાંધીનગર જિલ્લાના ચિલોડામાં આજે શ્રી રૂપાલાની જાહેરસભા હતી તો હજુ આગામી એકાદ-બે દિવસમાં બીજા રાજ્યસ્તરના નેતાઓ પણ જિલ્લાના પ્રવાસે આવે તેવી શક્યતાઓ છે.

ભાજપની એક અખબારી યાદીમાં જણાવાયા મુજબ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૧૫ અનુલક્ષી ગતિશીલ ગુજરાતના પ્રણેતા પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ આગામી તા. ૨૦-૧૧-૨૦૧૫ને શુક્રવારના રોજ ગાંધીનગર જિલ્લાનો પ્રવાસ-પ્રચાર અર્થે બપોરે ૩.૦૦ કલાકે કલોલ તાલુકાના સાંતેજ ગામે સાંતેજ ટાઈલ્સ ફેક્ટરીની બાજુના મેદાનમાં ઠાકોર સમાજ સ્નેહમિલન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર છે. તેમજ સાંજે ૫.૦૦ કલાકે કલોલ શહેર ગણેશ પાર્ટી પ્લોટ ખાતે નવા વર્ષના 'કાર્યકર્તા સ્નેહમિલન' કાર્યક્રમમાં પણ હાજરી આપશે.



સે-૧૯માંથી પસાર થતી પાણીની પાઈપલાઈનમાં છેલ્લા એક મહીનાથી લીકેજ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. જેના લીધે પાણીનો વ્યય થાય છે. આ મામલે તંત્રને જાણ કરવા છતા કોઈ પગલા ન લેવાતા હોવાનો રોષ પણ ઉઠવા પામ્યો છે. સરકરી કચેરીઓ તેમજ રહેણાંક વિસ્તારમાં પાણીના બગાડ સામે કોઈ અકરકારક પગલા લેવાતા નથી. જયારે પાણીની પાઈપલાઈનમાં પણ લીકેજીસની સમસ્યા નિવારવા તંત્ર ઉદાસીનતા દાખવતુ હોવાનુ સ્પષ્ટ થયુ છે.

# વીજદરના ભાવ યથાવત રાખવાની પેરવી સામે મહામંડળની ઉગ્ર રજુઆત

### ગ્રાહકોને વાંધા સુચનો રજુ કરવા માટે એક મહીનાનો સમય આપવા માંગ

ગાંધીનગર તા ૧૮

વિજ દરના ભાવો યથાવત રાખવાની પેરવી સામે શહેર વસાહત મહામંડળે વિરોધની લાગણી વ્યકત કરી જર્ક દ્વારા વાંધા સુચનો રજુ કરવા માટે અપાયેલી બે દિવસની મુદતમાં વધારો કરી ગ્રાહકોને રજુઆત માટે એક મહીનાનો સમય આપવા જણાંવ્યુ છે. ભાવ યથાવત રાખવાનો નિર્ણય લેતા પુર્વે વિશ્વમાં કોલસો તેમજ વીજ ઉત્પાદનમાં વપરાતા પરિબળોના ભાવો ઘટયા હોવાનુ પણ ધ્યાને લેવા પણ મહામંડળે જણાંવ્યુ છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ ગાંધીનગર, અમદાવાદ તેમજ સુરત શહેરને વિજ પુરવઠો પુરો પાડતી ટોરેન્ટ પાવરની માંગણી પહેલા જ જર્ક દ્વારા વીજદરોના ભાવ યથાવત રાખવા બે દિવસમાં વાંધા સુચનો રજુ કરવાનો સમય આપી વીજદર યથાવત રાખવા પેરવી કરી હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. ગ્રાહકોને વાંધા સુચનો રજુ કરવા માટે પુરતો સમય પણ આપવામાં આવ્યો નથી. મહામંડળે આ મામલે એક મહીનાનો સમય આપવાની માંગ કરી છે. આ ઉપરાંત વીજ ઉત્પાદનના ભાવ યથાવત રાખતા પહેલા કોલસા ગેસ તેલ અને ઈંધણ ખર્ચમાં થયેલા ભાવ ઘટાડાને ધ્યાને રાખી વીજનિયમન પંચે ગ્રાહકોનુ હીત જાળવવા પણ રજુઆતમાં જણાંવાયુ છે. આ મામલે ગ્રાહકોને પુરતો સમય આપી સુનાવણી મોકુફ રાખવા માટે પણ મહામંડળના સી પી સોની, અરૂણ બૂચ, મયુર વ્યાસ, કીશોર જીકાદરા, સુધીર દેસાઈ સહીતના આગેવાનોએ રજુઆત કરી છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અટકાવવા જાહેરહીતની અરજી

ગાંધીનગર, તા. ૧૮

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ઉપર સ્ટે આપવાની માંગ સાથે એક જાહેર હીતની અરજી હાઈકોર્ટમાં થતાં આ અરજી ઉપર આવતીકાલે સૂનવણી હાથ ધરવામાં આવનાર છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મહાપાલિકાની ચૂંટણીઓ આડે હવે માત્ર બે દિવસ જ બાકી રહ્યા છે ત્યારે ગુજરાત હાઈકોર્ટમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પર સ્ટે મુકવા માટેની માંગ કરતી જાહેર હીતની અરજી હાઈકોર્ટમાં થઈ છે.

હાઈકોર્ટમાં થયેલી જાહેર હીતની અરજીમાં એવા મુદ્દા રજુ કરવામાં આવ્યા છે કે ઉમેદવારોના સોગંદનામા ચૂંટણીપંચની વેબસાઈટ પર નહી હોવાથી મતદારો અંધારામાં હોવાની દલીલ કરાઈ છે. આ ઉપરાંત રાજકીય પક્ષોના મેનીફેસ્ટો પણ જાહેર નહી થયા હોવાની દલીલ કરાઈ છે. તેમજ મતદારોને મત આપવા ક્યાં જવુ એની પણ જાણ નથી કરાઈ. મતદારોને વોટર સ્લીપ પણ નથી આપી. તેવી રજુઆત આ જાહેરહીતની અરજીમાં કરવામાં આવી છે.

હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી આ જાહેરહીતની અરજી પરની સુનવણી આવતીકાલ પર રાખવામાં આવી છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પર સ્ટે આપવાની માંગ સાથે હાઈકોર્ટમાં થયેલી જાહેર હીતની અરજી પર આવતીકાલે સુનવણી થનારી હોઈ સૌની નજર તેના પર મંડાયેલી છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ